## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ લોકોનું સર્વર ડાઉન થતું ન હોત તો કેટલી આવક થાત...!!

# શહેરમાં ડૉ. આંબેડકરજીની ભવ્ય જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

૧૪મી એપ્રિલના રોજ દેશભરમાં વિશ્વવિભૂતિ ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી કરાશે.

ડૉ. આંબેડકરજીની ૧૨૭મી જન્મ જયંતિના અનુલક્ષમાં ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં વિવિધ સામાજિક સંગઠનો અને આંબેડકરપ્રેમી જનતા દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

ગાંધીનગર વિધાનસભા સંકુલ સામે સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા ખાતે શહેરની વિવિધ આંબેડકરપ્રેમી તથા સામાજિક સંસ્થાઓના કાર્યકરો અગ્રણીઓ તથા વિવિધ રાજકારણીઓ ઉપસ્થિત રહેશે અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ઉપરાંત પ્રતિમા સ્થળ પાસે સમાજ અગ્રણી દ્વારા આંબેડકરજીના વિચારો અને કાર્યો અંગે સંબોધન કરશે.

શહેરની યુનિટી ઓફ ગાંધીનગર સંસ્થા તરફથી સવારે ૯ કલાકે ૧૨૭ કિલોની ૧૨૭ ફુટ લાંબી કેક ભુલકાઓના હસ્તે કાપવામાં આવશે. ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા પણ વિવિધ કાર્યક્રમો યોજાશે. શહેરની એસ.સી., એસ.ટી., ઓબીસી લઘુમતી સંગઠન દ્વારા સવારે ૯ કલાકે ઘ-૧ બસ સ્ટેન્ડ પાછળના મેદાનમાંથી વિશાળ એકતા રેલી નિકળશે. રેલીમાં જોડાઈ સમાજ બંધુઓ ચાલતા વિધાનસભા સામેની ડૉ. આંબેડકરજીની પ્રતિમા ખાતે પહોંચી ફૂલહારથી અભિવાદન કરશે. આ સાથે જ શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા રેલી, ડાયરો, વિવિધ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવશે. ગાંધીનગર શહેર સહિત કલોલ, દહેગામ અને માણસામાં પણ આંબેડકરજીની જન્મ જયંતિની ઉજવણી કરાશે.

## ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિને પગલે મંત્રીઓ તેમની પ્રતિમાને ફૂલહાર કરવા જાય છે. ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ભાજપના નેતાઓને ડૉ. આંબેડકરની પ્રતિમાએ ફૂલહાર કરવા નહી દઈએ તેવા આપેલા નિવેદનને પગલે ઘર્ષણની શક્યતાઓ વધી ગઈ છે. ગાંધીનગરમાં વિધાનસભા સામે સ્વર્ણિમ પાર્કમાં ડૉ. આંબેડકરની પ્રતિમા છે ત્યાં સવારથી જ પોલીસને સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે.

## સ્પીપા પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં પ્રતિનિયુક્તિથી જગ્યાઓ ભરાશે

ગાંધીનગર, તા. ૧૩

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) અમદાવાદ દ્વારા મુખ્ય સંસ્થા તથા વિવિધ તાલીમ કેન્દ્ર ખાતે વર્ગ-૧ થી ૪ સુધીના ૩૮ કર્મચારીઓની પ્રતિનિયુક્તિથી જગ્યાઓ ભરવાની જાહેરાત કરવામાં આવી છે.

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા અમદાવાદ રાજ્યની ઉચ્ચ તાલીમ સંસ્થા છે. સ્પીપા સંસ્થા અને તેને હસ્તકની પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતેના અમદાવાદ મુખ્ય સંસ્થા તેમજ પ્રાદેશિક તાલીમ કેન્દ્ર અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા અને રાજકોટમાં વર્ગ-૧ થી ૪ સુધીની કુલ ૩૮ ખાલી જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવામાં આવશે. આ જગ્યાઓ પર પ્રતિનિયુક્તિથી આવવા ઈચ્છુક માત્ર સરકારી અધિકારી કર્મચારીઓ જ અરજી કરી શકશે. ઈચ્છુક અરજદારોએ પોતાની અરજી ૩૦મી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે.

## પેથાપુર નજીક તબેલામાંથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

### પોલીસને જોઈને બુટલેગર ભાગી ગયો : ૩૩ બોટલ જીન અને ૧૦૩ બિયરના ટીન તબેલામાંથી મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

પેથાપુર-રાંધેજા રોડ ઉપર એક તબેલામાં દારૂ-બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની માહિતીને આધારે પેથાપુર પોલીસે ગઈ મોડી સાંજે તબેલામાં દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને બુટલેગર ફરાર થઈ ગયો હતો. તબેલામાં તપાસ કરતા અંદરથી ૩૩ નંગ જીનની બોટલો અને ૧૦૩ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પેથાપુર પોલીસે રૂ. ૨૦ હજારનો દારૂ-બિયર જપ્ત કરીને બુટલેગરને પકડવા તજવીજ શરૂ કરી છે.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ગઈ મોડી સાંજે બાતમી મળી હતી કે પેથાપુર રાંધેજા રોડ પર મોદી સમાજ વાડી સામે ખેતરમાં ગાયો-ભેંસોના તબેલામાં અનોપસિંહ ભીખુસિંહ ડાભીએ દારૂ-બિયર સંતાડ્યો છે અને ત્યાંથી વેપાર કરે છે. આ બાતમી આધારે તબેલામાં રેઈડ કરતા પોલીસનો જોઈને અનુપસિંહ અંધારામાં પોલીસની નજર સામે જ ભાગી ગયો હતો. તબેલામાં તપાસ કરતા અંદર પડેલા ઘાસચારામાંથી ૩૩ નંગ જીનની બોટલ અને ૧૦૩ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પેથાપુર પોલીસે રૂ. ૨૦,૨૦૦નો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરી બુટલેગર અને તેના સાગરીતો સુધી પહોંચાવા તજવીજ શરૂ કરી છે.




કઠુઆ અને ઉન્નાવમાં બનેલી બળાત્કારની ઘટનાઓના વિરોધમાં આજે કોંગ્રેસ દ્વારા કેન્ડલમાર્ચનું આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, વસંતભાઈ પરમાર, જશીબેન શ્રીમાળી, મહામંત્રી રાકેશ જાની, જીતેન્દ્રસિંહ તેમજ કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા.

## ૨૦મીએ ઉજ્જવલા દિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા ગ્રામ સ્વરાજ અભિયાનના ભાગરૂપે ૨૦મી એપ્રિલના રોજ ઉજ્જવલા દિનની ઉજવણી કરાશે. જેમાં ગ્રામીણ ગ્રાહકો સાથે મળીને મોટા સમૂહમાં એલપીજીની સુરક્ષા એલપીજીનો ઉપયોગ અંગે ચર્ચા કરવામાં આવશે.

૮ કરોડ એલપીજી લાભાર્થીઓની નોંધણી અને પ્રોત્સાહન અપાશે અને એલપીજી પંચાયત દરમિયાન લાયક લાભાર્થીઓને એલપીજીનું જોડાણ પુરૂ પાડવામાં આવશે.

સરકારે ૨૦મી એપ્રિલ ૨૦૧૮ના રોજ ઉજ્જવલા દિવસ પર ૧૫૦૦ એલપીજી પંચાયત રાખવાનો લક્ષ્યાંક છે. જ્યાં એલપીજીના સલામત અને સતત ઉપયોગના હેતુથી અનુભવ વહેંચણી ઉપરાંત ગ્રાહકોના પ્રવેશ વધારવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવશે. દરેક પંચાયત ઓછામાં ઓછા ૧૦૦ નવા લાભાર્થીઓની નોંધણી કરવાના લક્ષ્યાંક સાથે ૫૦૦ મહિલાઓની ભાગીદારી પર ધ્યાન આપવામાં આવશે. ઉપરાંત ગ્રાહકોને એલપીજી અંગેનું પરસ્પર શિક્ષણને પ્રોત્સાહન અપાશે.

## રાજયની સરકારી શાળાઓમાં ધો-૧ થી ૫ના ૨૧૯૦ શિક્ષકોની ઘટ

ગાંધીનગર, તા.૧૩

રાજયની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓ ધોરણ-૧ થી ૫માં હજુ પણ કુલ ૨૧૯૦ જગ્યાઓ પર શિક્ષકોની ઘટ હોવાનું પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ વિગતે જાહેર કર્યું છે. પરિણામે હજુ પણ અનેક સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટને લીધે શાળાઓ રામ ભરોસે ચાલી રહી છે.

ગાંધીનગર સ્થિત પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ ૨૦૧૭-૨૦૧૮માં મંજૂર થયેલ મહેકમના આધારે ખાલી પડેલી રાજયની સરકારી શાળાઓના ધોરણ ૧ થી ૫ના શિક્ષકોની જગ્યાના કેટલાક આંકડા રજૂ કર્યા છે.

આંકડા પ્રમાણે કચ્છ જિલ્લામાં સૌથી વધારે ધોરણ-૧ થી ૫ના ૧૦૧૦ની જગ્યાઓ જયારે સૌથી ઓછી સુરત જિલ્લાની ૩ જગ્યાઓ ખાલી છે. દેવભૂમિ દ્વારકામાં ૩૪, બનાસકાંઠામાં ૨૪૭, મોરબી જિલ્લામાં ૨૫૮ અને છોટા ઉદેપુરમાં ૨૧૬ જયારે દાહોદમાં ૨૧૦ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં ૩૭ શિક્ષકોની હજુ પણ ઘટ છે. વિવિધ જિલ્લામાં ખાલી શિક્ષકોની ભરતી ન કરાતા શાળાઓ રામ ભરોસે ચાલી રહી છે.

## જાહેર નિવિદા

### તલોદ નગરપાલિકા

| | |
|---|---|
| (૧) તલોદ નગરપાલિકા વિસ્તારમાં તલોદ-હિંમતનગર રોડની બાજુમાં આવેલ કેશવ બંગ્લોઝ રોડ ક્રોસ કરી વરસાદી પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ જેની અંદાજીત રકમ ૪.૫૦ લાખ | (૨) તલોદ નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ જરૂરિયાત મુજબ ગટરના ઢાંકણા નાખવાનું કામ જેની અંદાજીત રકમ ૪.૯૦ લાખ |

તલોદ નગરપાલિકાના વિવિધ ગ્રાન્ટના કામો પૈકી કામ નં. ૧ થી ૨ નું ટેન્ડરની કોરી કોપી જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૧૮/૪/૨૦૧૮ સુધીમાં મેળવી લેવાની રહેશે. આઈટમની ભરેલ ટેન્ડર કોપી ચીફ ઓફીસર શ્રી, તલોદ નગરપાલિકા, તલોદ - ૩૮૩૨૧૫, જિ. સાબરકાંઠાને તા. ૨૧/૪/૨૦૧૮ સુધીમાં માત્ર રજીસ્ટર એ.જી. દ્વારા મોકલી આપવાના રહેશે. આવેલ ટેન્ડર અન્વયે અબાધિત અધિકાર તલોદ નગરપાલિકાનો રહેશે.

આવેલ ટેન્ડર અન્વયે અબાધિત અધિકાર તલોદ નગરપાલિકાનો રહેશે. આ કામ અંગેના તમામ હક્ક તલોદ નગરપાલિકાને અબાધિત રહેશે. આ બાબતે વધુ માહિતી માટે કચેરી સમય દરમિયાન બાંધકામ શાખાનો સંપર્ક કરવો.

જા.નં. : નપા/ટેન્ડર/૮૫/૨૦૧૮ — તા. ૧૩/૪/૨૦૧૮

| હેમંતકુમાર વી. ભાવસાર | બાબુભાઈ જી. પટેલ | તેજુસિંહ એમ. ઝાલા | નરેન્દ્રસિંહ જી. સોલંકી |
|---|---|---|---|
| ચીફ ઓફીસર | કારોબારી અધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ |






સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સામાજિક સમરસતાના પુરસ્કર્તા
ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરને
૧૨૭મી જન્મજયંતી ઉપક્રમે
સમગ્ર ગુજરાત અર્પે છે ભાવાંજલિ

ભારતીય બંધારણના ઘડવૈયા
સન્માનનીય ડૉ.બાબાસાહેબ આંબેડકરે
ગરીબો, શોષિતો, વંચિતો અને પીડિતો માટે
આપેલ અધિકારોના રક્ષણ માટે
ગુજરાત સરકાર કટિબદ્ધ

ડૉ.બાબાસાહેબ આંબેડકર એક એવા મહાપુરુષ હતા, જેમણે દેશમાં સમાનતા અને બંધુભાવની એક જ્યોત પ્રજ્વલિત કરી. ડૉ.બાબાસાહેબ એક વ્યક્તિ નહીં સંકલ્પ હતા. ડૉ.બાબાસાહેબના સ્વપ્નના ભારત નિર્માણ માટે ભારતને મહાન બનાવવા આવો, આપણે એમના 'પહેલાં પણ ભારત અને અંતે પણ ભારત'ના મંત્ર પર ચાલીએ...
- નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી


- વિદેશ અભ્યાસ લોનઃ અનુસૂચિત જાતિના ૬૨૧ લાભાર્થીને છેલ્લા ૫ વર્ષમાં રૂ.૮૭૫૦/- લાખની લોન
- કોમર્શિયલ પાયલોટ તાલીમઃ અનુસૂચિત જાતિના ૨૪ લાભાર્થીઓને છેલ્લા ૫ વર્ષમાં રૂ.૫૫૦/- લાખની લોન
- સરસ્વતી સાધના યોજનાઃ ધો.૯માં ભણતી અનુસૂચિત જાતિની ૭૩,૮૫૯ વિદ્યાર્થિનીઓને છેલ્લા ૫ વર્ષમાં રૂ.૨૧૦૯/- લાખની સાઈકલ સહાય
- કુંવરબાઈનું મામેરું યોજનાઃ બે દિકરી સુધી મામેરા માટે રૂ.૧૦,૦૦૦/- સહાયઃ છેલ્લા ૫ વર્ષમાં ૨૬,૨૮૩ કન્યાઓને રૂ.૨૫૬૨/- લાખની સહાય
- પરીક્ષિતલાલ મઝમુદાર પૂર્વ એસ.એસ.સી શિષ્યવૃત્તિ : અનુસૂચિત જાતિના ધો.૧ થી ૫ ના વિદ્યાર્થીઓને રૂ.૫૦૦/- અને ધો.૬ થી ૧૦ની વિદ્યાર્થિનીઓને રૂ.૭૫૦/-, ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓને રૂ.૫૦૦/- અને ધો.૯ થી ૧૦માં રૂ.૭૫૦/- ની વાર્ષિક શિષ્યવૃત્તિઃ છેલ્લા ૫ વર્ષમાં ૧૧,૨૬,૨૫૩ વિદ્યાર્થીઓને રૂ.૪૨૬૫/- લાખની શિષ્યવૃત્તિ
- ડૉ.આંબેડકર આવાસ યોજનાઃ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મકાન સહાય વધારીને રૂ.૧.૨૦ લાખ કરાઈઃ છેલ્લા ૫ વર્ષમાં ૧૮,૫૨૮ લાભાર્થીઓને મળી રૂ.૨૨૧૫/- લાખની મકાન સહાય
- ગણવેશ માટે સહાયઃ ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ગણવેશ માટે રૂ.૩૦૦/- સહાયઃ છેલ્લા ૫ વર્ષમાં ૧૫,૦૧,૧૯૧ વિદ્યાર્થીઓને રૂ.૪૪૮૮/- લાખની સહાય
- સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલઃ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિ અને આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધા સાથેની સમરસ હોસ્ટેલઃ ૫૧૫૦ કુમાર અને ૪૯૭૧ કન્યાઓ મળી કુલ ૧૦,૧૨૧ વિદ્યાર્થીઓને લાભ

...અને ઘણું બધું



"બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરને કોટી કોટી વંદન"
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

માહિતી ૨૦૧૮-૧૯ (૦૨)